## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




ના સાહેબ, અંધેરી નગરી જેવું ન વિચારશો, વન નેશન વન રેઈટવાળું કાંઈક લાગે છે...!!

# શહેરમાં વાદળછાયુ વાતાવરણ : ઠંડી ઘટી

## અરબી સમુદ્રમાં સર્જાયેલા લો પ્રેશરની અસર હેઠળ આકાશ વાદળોથી ઘેરાયુ

ગાંધીનગર, તા. ૫

શહેરના વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. આકાશમાં વાદળો ઘેરાતા વરસાદી માહોલ છવાયો છે. જો કે વરસાદી માહોલ છતાં ઠંડીમાં ઘટાડો થયો છે.

અરબી સમુદ્રમાં લો પ્રેશર સર્જાતા ફરી ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. છેલ્લા બે દિવસથી આકાશમાં વાદળો ઘેરાઈ રહ્યા છે. વાદળોના કારણે આખો દિવસ સૂર્ય પ્રકાશ રહેતો નથી. આજે વહેલી સવારે અને મોડી સાંજે આકાશ વાદળોથી ખુબ ઘેરાયુ હતુ. એવુ લાગતુ હતુ કે હમણાં વરસાદી ઝાપટુ પડશે. જોકે મોડી સાંજ સુધી ઝાપટુ પડ્યુ ન હતુ. આકાશમાં ઘેરાયેલા વાદળો જોઈ ગ્રામવિસ્તારના ખેડૂતો વધુ ચિંતિત બન્યા છે.

આ વર્ષે ચોમાસુ ભરપુર રહ્યુ. ચોમાસાની સીઝન બાદ પણ છેક દિવાળી સુધી વાવાઝોડાની અસર હેઠળ વરસાદી માહોલ છવાયેલો રહ્યો. વરસાદી વાતાવરણ સતત રહેતા ખરીફ પાકમાં બગાડ આવ્યો છે. વળી ઘણા સ્થળોએ પાકમાં વધુ નુકશાની ભોગવવી પડી છે. આ નુકશાનીમાંથી બહાર આવવા માટે ખેડૂતોએ ફેર રોપણી કરી છે. ખેતરોમાં પાક તૈયાર થવાની અણી પર છે ત્યારે જ ફરી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. જેના કારણે ખેડૂતો પુનઃ ચિંતામાં મુકાયા છે.

આકાશમાં વાદળો ઘેરાયા છે પરંતુ ઠંડીમાં ઘટાડો થયો છે. ગયા અઠવાડિયાથી થોડી થોડી જામી રહેલી ઠંડી ફરી ગાયબ થઈ ગઈ છે. મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી રહ્યુ છે. જેના કારણે ઠંડીમાં ઘટાડો થયો છે. દિવસ દરમ્યાન તો થોડોક બફારો પણ અનુભવાતો હતો. હજુ બે-ત્રણ દિવસ આવુ જ વાદળછાયુ વાતાવરણ રહેવાની સંભાવના છે. વાદળોનો જમાવડો ઓછો થશે પછી ઠંડી વધશે તેવુ હવામાન વિભાગે આગાહી કરી છે.



ઓવરલોડીંગ વાહનોની સમસ્યા ગમે તેવા કડક નિયમો બાદ પણ યથાવત રહી છે. શહેરોમાં ઓવરલોડેડ વાહનો અવારનવાર જોવા મળી જાય છે. તસવીરમાં ઘાસાચારથી ભરાયેલી ઓવરલોડેડ ટ્રક દ્રશ્યમાન થાય છે.

# ''આપણે વાતો ચંદ્રની કરીએ છીએ અને ધરતીને પણ જોઈ શકતા નથી''

**વૃંદાવનના મહામંડલેશ્વર આચાર્ય પૂ. સ્વામી ચિત્ત પ્રકાશાનંદજી ગાંધીનગરના મહેમાન બન્યાં : બળાત્કાર-હત્યા, ધર્માંતર, નવી શિક્ષણ નીતિ જેવા વિષયે વિચારો વ્યક્ત કર્યા : ''સંસ્કાર'' જ તમામ સમસ્યાનો ઉકેલ બનશે, અપરાધીઓને કડક સજા ઝડપથી થવી જોઈએ**

ગાંધીનગર, તા. ૫

''જ્યાં સુધી આપણે આપણા પૌરાણિક મૂલ્યો આધારિત સંસ્કાર સાથેનું શિક્ષણ આપણા બાળકોને નહી આપીએ ત્યાં સુધી બળાત્કાર-હત્યા જેવી જઘન્ય ઘટનાઓ અટકશે નહી. હૈદરાબાદ બળત્કાર-હત્યા કેસ સહિત તમામ આ પ્રકારના કેસોમાં અપરાધીઓને કડકમાં કડક સજા ઝડપથી થવી જોઈએ અને ફરી આવા અપરાધો ના થાય તે માટે પોલીસતંત્રથી માંડીને વહીવટીતંત્રએ સઘન પગલાં લેવા જોઈએ જેનો સમાજ સાથે તાલમેલ સરકારે સાધવો જોઈએ.'' આ વિચારો રજુ કર્યા હતા ગઈકાલે ગાંધીનગરના મહેમાન બનેલા વૃંદાવનથી પધારેલા મહામંડલેશ્વર આચાર્ય પૂ. સ્વામી ચિત્તપ્રકાશનંદ ગીરીજી મહારાજે. તેમણે જણાવ્યું હતું કે ''હજ્જારો વર્ષની ગુલામીએ આપણી માનસિકતા બદલી નાંખી છે અને સર્વત્ર 'ભોગવાદ' છવાઈ ગયો છે. આપણે વાતો ચંદ્રની કરીએ છીએ પરંતુ ધરતીને પણ જોઈ શકતા નથી.''

### રામજન્મભૂમિ આંદોલન સાથે સંકળાયેલા સાધુ-સંતો-કારસેવકોનું સન્માન કરાશે

ફિલોસોપી વિષયમાં એમએ થયેલા પૂ. સ્વામી ચિત્તપ્રકાશનંદજીએ કિશોર વયે જ સંસારને ત્યાગી સતત ચાર વર્ષ ભારત ભ્રમણ કર્યુ હતુ. આ પછી તેમણે હરિદ્વારમાં અભ્યાસ કર્યો અને તે સાથે ભારતીય પૌરાણિક શાસ્ત્રોનું પણ ગહન અધ્યયન કર્યુ હતુ. પૂ. સ્વામી વૃંદાવનના પંચાયતી નિરંજની અખાડા અખંડ પરમધામના મહંત છે. રામજન્મભૂમિ આંદોલન સાથે સંકળાયેલા રહ્યાં છે. તેમણે જણાવ્યું હતું કે ''સુપ્રિમ કોર્ટના ચુકાદાથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે વિવાદિત ભૂમિ રામજન્મભૂમિ છે અને આ ન્યાય મેળવવા માટે જે પણ સાધુ-સંતો-મહંતો તથા કારસેવકોએ પોતાનુ યોગદાન આપ્યું હતું તે તમામનું સન્માન કરાશે.'' આ સાથે તેમણે સાધ્વી પ્રજ્ઞા ઠાકુરના ગોડસે અંગેના નિવેદનથી થયેલ વિવાદનો જવાબ આપતા કહ્યું કે ''ગોડસેની કાર્ય પ્રણાલી ઉચિત નહોતી''

મહામંડલેશ્વર આચાર્ય પૂ. સ્વામી ચિત્તાપ્રકાશનાંદજીએ જણાવ્યું હતું કે ''આપણે આપણી આંતરિક નબળાઈઓને છુપાવવા મોટા દંભ કરી રહ્યા છીએ, દંભી સાધુ-સંતોએ આપણા ધાર્મિક ગ્રંથોની સારી બાબતોનો પણ પોતાની જરૂરિયાત અનુસાર દુરૂપયોગ કર્યો છે, સમસ્યા ખૂબ જટિલ બની ચુકી છે. આપણું સામાજિક ''મન'' દૂષિત થઈ ચુક્યું છે. આ દૂષિત મનને સુધારવા લાંબી જહેમત કરવી પડશે, ફરી એકવાર આપણા નૈતિક મૂલ્યો આધારિત સંસ્કારોનું સાચુ સિંચન કરવુ પડશે. જેમ અંગ્રેજોની શિક્ષણ પદ્ધતિ થોપાતી વખતે મેકોલીએ કહ્યું હતું કે ''નવુ વાવેતર કરવું હોય તો જુના પર હળ ચલાવી દેવુ પડે'' તેજ રીતે આપણે આપણી શિક્ષણ અને સંસ્કારની પદ્ધતિ ધરમૂળથી બદલવી પડશે. સામાજિક સંરચના બદલવી પડશે. આ સાથે આપણામાં રહેલા દૂષણોને દૂર કરી તમામ વર્ગોને આપણા બાંધુ સમજીને ગળે લગાડવા પડશે. જો તેમ નહી કરીએ તો આપણા જ બાંધવો આપણાથી દૂર થતા જશે.

તેમણે પાશ્ચાત્ય સંસ્કૃતિ પર ભારતીય સંસ્કૃતિને ડહોળવાના લાગતા આક્ષેપોનું ખંડન કરતા કહ્યું કે ''આપણી જ વહુ-દિકરીઓ પશ્ચિમમાં આપણા કરતા વધુ સુરક્ષિત છે તેથી પશ્ચિમ પર લાગતો આરોપ ખોટો છે. સંસ્કાર વગર આ સમસ્યા ઉકેલવી શક્ય નથી.'' ભારત સરકાર દ્વારા સનાતન સંસ્કૃતિના મૂલ્યો આધારિત નવી શિક્ષણનીતિ સરકાર લાવી રહી છે તો એ ખૂબ સારી બાબત છે અને ભારતને સ્વતંત્રતાની લડતનુ નેતૃત્વ ગુજરાતે કર્યુ હતુ તેમ સામાજિક નવીનીકરણનો શ્રેય પણ ગુજરાતને ફાળે જ જશે.''

# મનપાના સ્વચ્છતાકર્મીઓને સફાઈ કાર્યની વૈજ્ઞાનિક પદ્ધતિની તાલીમ અપાઈ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સેક્ટર-૨૩ ખાતે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાના ૭૦ થી વધુ સફાઈ કર્મચારીઓને વૈજ્ઞાનિક પદ્ધતિની તાલીમ આપવાનો વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપમાં સફાઈ કર્મીઓને સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ તથા જીપીસીબીના પૂર્વ પીઆરઓ નરેશ ઠાકર વગેરેએ માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ.

શહેરમાં સ્વચ્છતા જાળવણી અંગે વિવિધ પગલાં ભરવામાં આવી રહ્યાં છે. સ્વચ્છતા અભિયાનની અસરકારકતા તથા શહેરમાં સ્વાસ્થ્ય અને પર્યાવરણના જતન સાથે સફાઈ કાર્ય કર્મચારીઓ કરે તે હેતુથી તેમને વૈજ્ઞાનિક પદ્ધતિનું માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. સફાઈ કાર્ય દરમ્યાન સૂકો-ભીનો કચરો અલગ અલગ લેવો, કચરાને જાહેર કે ખાનગીમાં પણ સળગાવવો નહી, પ્લાસ્ટિક કચરો અલગ તારવવો, સફાઈ કર્મચારીઓએ ટોયલેટ વગેરેની સફાઈ કરતી વખતે શુ સાવધાનીઓ રાખવી તથા બાથરૂમ-ટોયલેટની સફાઈ માટેના પ્રેશર પંપનો ઉપયોગ કેવી રીતે કરવો, ઝાડુ કેવી રીતે બનાવવુ, ઝાડું કેવી રીતે વાપરવું, સફાઈ કરતી વખતે હાથમાં મોજા, મોંઢે માસ્ક, માથે હેલ્મેટ, પગમાં ગમબુટ તેમજ માર્ગો પર કામ કરતી વખતે ફ્લોરોસન્ટ રેડિયમ કલરની ટીશર્ટનો ઉપયોગ કરવા અંગે તાલીમ આપવામાં આવી હતી.



## નેશનલ ઈન્શ્યોરન્સના સ્થાપના દિનની ઉજવણી કરાઈ

નેશનલ ઈન્શ્યોરન્સના ૧૧૩મા સ્થાપના દિન નિમિત્તે શહેર સ્થિત ઓફિસ ખાતે ઓફિસ સ્ટાફ તેમજ એજન્ટ મિત્રો દ્વારા કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી તથા શહેરની જનતાને વ્હિકલ ઈન્શ્યોરન્સ લેવા માર્ગદર્શન પુરું પાડવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

